For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

મિલકતના ઝગડામાં મોટાભાઇએ બેવડી હત્યા કરી, ભાભી અને ભત્રીજીને પણ મારવાનો હતો

# લિંબાયતમાં માતા અને ભાઈની હત્યા કરતો કપૂત

**ભાભી** બે બાળકને લઇને બાથરૂમમાં પુરાઇ જતાં બચાવ થયો

**જીવ** બચાવવા દોડી રહેલા નાના ભાઇનો સોસાયટીની ગલીમાં પીછો કરી હત્યા કરી

**મૂળ** તેલંગાણાના પરિવારની કરુણાંતિકાથી તેલુગું સમાજમાં શોક





આરોપી



મૃતક માતા-પુત્ર

સુરતઃ લિંબાયતમાં આવેલી સહજાનંદ સોસાયટીમાં રવિવારે સવારે મિલકતની વહેંચણી અને દુકાનોના ભાડાની આવકના વિવાદમાં કળયુગી પુત્રએ જ સગી માતા અને નાના ભાઈની નિર્દયતાથી હત્યા કરી નાંખી હતી. પોલીસે ગણતરીના કલાકોમાં આરોપીને પકડી પાડ્યો છે.

મળતી વિગતો અનુસાર, લિંબાયત સ્થિત સહજાનંદ સોસાયટી (ઘર નં. ૨૭૫) ખાતે રહેતા મૂળ તેલંગાણાના ગુડુરૂ પરિવારમાં મિલકતની વહેંચણી અને ભાડા મુદ્દે ગંભીર વિવાદ ચાલી રહ્યો હતો. મૃતક મલ્લેશ્વરીબેન અને તેમના સ્વ. પતિએ મહારાણા પ્રતાપ ચોક પાસે આવેલી કેશરભવાની સોસાયટીમાં ૬ દુકાનો અને મકાન ખરીદ્યું હતું, જેનું માસિક રૂપિયા ૭૦,૦૦૦ જેટલું ભાડું આવતું હતું. આ સંયુક્ત મિલકતમાં પોતાના ભાગ અને ભાડાની રકમ બાબતે ઉપરના માળે રહેતો મોટો પુત્ર શ્રીનિવાસ અવારનવાર ઝઘડો કરી પરિવારને મારી નાંખવાની ધમકીઓ આપતો હતો.

દરમિયાન, રવિવારે સવારે મલ્લેશ્વરીબેન (ઉં.વ. ૬૫) દૂધ લઈને ઘરે પરત ફર્યા ત્યારે હિંસક બનેલા શ્રીનિવાસ ઉર્ફે શ્રીનુ હાથમાં તીક્ષ્ણ ચપ્પુ લઈને નીચે ધસી આવ્યો હતો. તેણે પ્રથમ મલ્લેશ્વરીબેનને ચપ્પુના ઘા ઝીંકી દીધા હતા. આ જોઈ વચ્ચે પડેલા નાના ભાઈ રાજુભાઈ ગુડુરૂ (ઉં.વ. ૩૯) પર પણ આડેધડ ચપ્પુથી જીવલેણ હુમલો કર્યો હતો.

બૂમાબૂમ થતાં રાજુભાઈના પત્ની મમતાબેન છોડાવવા વચ્ચે પડતાં તેમને પણ ચપ્પુ વાગતાં ઈજા થઈ હતી. આ દરમિયાન હુમલાખોર શ્રીનિવાસે પોતાની ૨ વર્ષની નાની ભત્રીજી પર પણ હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ મમતાબેને બૂમો પાડતા લોહીલુહાણ હાલતમાં રાજુભાઈ ઘરની બહાર ભાગ્યા હતા. હુમલાખોર શ્રીનિવાસે પીછો કરી સોસાયટીની ગલીમાં (ઘર નં. ૪૬૩ આગળ) રાજુભાઈને ઘેરી લઈ ગળા તથા પગના ભાગે ચપ્પુના ગંભીર ઘા મારી દીધા હતા. નાના ભાઈની પત્ની મમતાબેન પોતાના બે નાના બાળકોને લઈને બાથરૂમમાં પૂરાઈ જતાં તેમનો જીવ બચી ગયો હતો. બનાવની જાણ થતાં જ લિંબાયત પોલીસ દોડી

....અનુસંધાન પાના ૯ પર

### ‘હું જીવું છું ત્યાં સુધી ભાગ નહીં પડે’ કહેતાં મોટો પુત્ર ઉશ્કેરાયો

માતા મલેશ્વરીબેન નાના દીકરા સાથે રહેતી હોવાથી ભાડું પોતે રાખતા હતા. જેથી થોડા દિવસ પહેલા મોટા દીકરા શ્રીનિવાસને સ્પષ્ટ કહી દીધું હતું કે, જ્યાં સુધી હું જીવું છું ત્યાં સુધી આ મિલકત કે ભાડાની કોઈ વહેંચણી કરવામાં નહીં આવે. માતાના આ નિર્ણયથી શ્રીનિવાસ મનોમન ભારે રોષે ભરાયો હતો અને નાના ભાઈ પ્રત્યે તેના મનમાં અદાવત વધી ગઈ હતી.

### અગાઉ ગેસનો બાટલો લીક કરી રૂમ બંધ કરી દીધો હતો: મૃતકની પત્ની

પહેલાં પણ બંને છોકરાઓ સાથે ઝઘડો થતો હતો. અમે જાગી ગયા હતા. હું બીજા રૂમમાં હતી. એ તો એકદમ ફ્રેશ જ દેખાતો હતો. પેન્ટ, બૂટ અને ટી-શર્ટ વ્યવસ્થિત પહેરીને જ આવ્યો હતો. મારા જેઠ ઉપર રહે છે. જેનું નામ સીનું છે. બીજો ભાઈ પણ એવો જ છે, એ પણ બહુ ઝઘડો કરે છે. બીજા ભાઈએ જ એને ચડાવ્યો હશે. બંને જણા મળીને મારી સાસુને ખૂબ ટોર્ચર કરતા હતા. પહેલાં પણ એકવાર મારવાનો પ્રયાસ કર્યો હતો, ગેસનો બાટલો લીક કરીને રૂમ બંધ કરી દીધો હતો.

### જુગારમાં ૮થી ૧૦ લાખનું દેવું કર્યું હતું, જે માતાએ ચૂકવ્યું હતું

મૃતકના બનેવી શ્રીનિવાસ કુશમાના જણાવ્યા મુજબ, મોટા અને બીજા નંબરના સાળાએ મળીને આ ઘટનાને અંજામ આપ્યો હોવાનો આક્ષેપ છે. બંનેને નશો કરવાની અને જુગાર રમવાની ટેવ હોવાથી પરિવારમાં અગાઉથી જ ઝઘડા થતા હતા. ચાર વર્ષ પહેલાં બંનેએ જુગારમાં રૂપિયા ૮થી ૧૦ લાખનું દેવું કર્યું હતું, જે તેમની માતાએ ચૂકવ્યું હતું.

ગાંધીના ગુજરાતમાં દારૂબંધીના ધજાગરા ઉડાડતા ટ્રાફિક પોલીસકર્મીઓ

# સુરતના ૪ ટ્રાફિક પોલીસકર્મીઓ દારૂની હેરાફેરી કરતા ઝડપાયા

**ગણદેવીના** એંધલ હાઇવે ઉપર દારૂના નશામાં ચૂર ખાખીધારીઓએ ફરજમાં રૂકાવટ કરી મારમારી કરી

**ફિલ્મી** ઢબે નાકાબંધી કરી ૫ આરોપી પાસેથી રૂપિયા ૫.૬૦ લાખનો મુદ્દામાલ જપ્ત



કેરસી બારીયા

### વિદેશી દારૂની ખેપ મારતા ઝડપાયેલા પોલીસકર્મીઓ

અંકિતભાઇ કમુભાઇ દેવડા (પોલીસ કોન્સ્ટેબલ, રીઝિયન-૨ ટ્રાફિક, સુરત), પીન્ટુભાઇ સાજાભાઇ ડુંગાઇસા (પોલીસ કોન્સ્ટેબલ, રીઝિયન-૩ ટ્રાફિક, સુરત), દિતાભાઇ માવાભાઇ ચૌહાણ (પોલીસ કોન્સ્ટેબલ, રીઝિયન-૨ ટ્રાફિક, સુરત), રાહુલકુમાર બાબુભાઇ ધ્રાંગી (પોલીસ કોન્સ્ટેબલ, રીઝિયન-૨ ટ્રાફિક, સુરત) અને દેવરાજભાઇ ઠાકરેજી રબારી (હીરા ઘસવાનું કામ કરનાર, સુરત) ને પકડી લીધા હતા.

બીલીમોરા, સુરત : ગુજરાતમાં કડક દારૂબંધીના કાયદાના અમલ વચ્ચે પોલીસ બેડાને લાંછન લગાડતી ચોંકાવનારી ઘટના સામે આવી છે. સુરત શહેર ટ્રાફિક શાખામાં ફરજ બજાવતા ચાર પોલીસકર્મીઓ જ વિદેશી દારૂની ખેપ મારતા અને દારૂના નશામાં ચૂર હાલતમાં નવસારી લોકલ ક્રાઇમ બ્રાન્ચ (LCB)ના હાથે રંગેહાથ ઝડપાઈ ગયા છે. હદ તો ત્યારે થઈ જ્યારે આ ખાખી વર્દીધારીઓએ પોતાના જ ફરજ બજાવતા LCB પોલીસકર્મીઓ સાથે ગાળાગાળી કરી, જાનથી મારી નાખવાની ધમકી આપી લાકડી તથા ઢીકા-પાટુનો માર મારી ભાગવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, પોલીસે ફિલ્મી ઢબે નાકાબંધી કરી તમામને ઝડપી પાડ્યા છે.

નવરાત્રિ પર્વ નિમિત્તે પ્રોહિબિશનની પ્રવૃત્તિઓ પર વોચ રાખવા માટે નવસારી એલ.સી.બી. પી.આઈ. વી.જે. જાડેજાના માર્ગદર્શન હેઠળ ટીમો વાહન ચેકિંગમાં હતી. શનિવાર રાત્રે મુંબઈ-અમદાવાદ નેશનલ હાઈવે નં. ૪૮ ઉપર ગણદેવી નાં એંધલ ગામની સીમમાં ઓમકાર કિરાણા સ્ટોર સામે વાહન ચેકિંગ દરમિયાન શંકાસ્પદ જણાતી સફેદ રંગની સ્વિફ્ટ કાર જેની નંબર પ્લેટ પર (‘APPLIED FOR REGISTRATION’) લખ્યું હતું ને રોકવામાં આવી હતી.

....અનુસંધાન પાના ૯ પર

### દશેરા માટેના ફાફડા અત્યારથી જ બનવા લાગ્યા



(તસવીર: સતીષ જાદવ)

આવતી કાલે દશેરો છે અને તે દિવસે ફાફડાની ભારે ડિમાન્ડ રહેતી હોવાથી સુરતમાં ફાફડા બનવા લાગ્યા છે.

# જ્વેલર્સને આપવાના ૧.૬૮ કરોડના દાગીના લઈ ડિલિવરી બોય ફરાર

**આરોપી** રોહિત રંગાણીની બાઇક બિનવારસી હાલતમાં મળી આવી

### ક્યા જ્વેલર્સના કેટલા દાગીના ચોરાયા

**(1)** ગોલ્ડી જ્વેલર્સ (સૈયદપુરા) ના ૧૨૬૪.૭૩૭ ગ્રામના સોનાના બ્રેસલેટ, ચેઈન, બંગડીઓ અને પેન્ડન્ટ (કિંમત રૂ. ૧.૪૨ કરોડ) **(2)** સી.સી. જ્વેલર્સ ના રૂ. ૫.૮૨ લાખના નેકલેસ-વીંટી **(3)** અક્ષતા જ્વેલર્સ ના રૂ. ૧૦.૯૦ લાખના હીરા જડિત દાગીના **(4)** એ.બી. જ્વેલર્સ ના રૂ. ૫.૬૦ લાખના સોનાના નેક્લેસ **(5)** ત્રિલોક જ્વેલર્સ ના રૂ. ૨.૩૩ લાખના દાગીના **(6)** અન્ય એકના રૂ. ૮૬,૮૨૮ ની કિંમતના દાગીના

સુરતઃ સૈયદપુરા વિસ્તારમાં સોનીકામ અને દાગીના કાસ્ટિંગનું કામ કરતા વેપારીનો વિશ્વાસ જીતીને અવારનવાર દાગીનાની ડિલીવરી કરતા ડિલીવરી બોયે શહેરના જુદા જુદા ૬ નામાંકિત જ્વેલર્સને પહોંચાડવાના રૂ. ૧,૬૮,૨૮,૯૭૩/-ની કિંમતના સોના-હીરાના દાગીનાની ચોરી કરી પલાયન થઈ ગયો છે. આ મામલે લાલગેટ પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાતા પોલીસે આરોપીની શોધખોળ શરૂ કરી છે.

રાંદેર ખાતે રોયલ ઓર્કિડમાં રહેતા અખ્તરઅલી મોહંમદઅલી શેખ (ઉં.વ.૪૪) સૈયદપુરાની મોટી કડિયા શેરીમાં ‘એ.એન.ટી. કાસ્ટિંગ’ નામે દાગીના બનાવવાનું કામ કરે છે. છેલ્લા એકાદ મહિનાથી તેમની ઓળખાણ રોહિતકુમાર ચંદ્રકાંતભાઈ રંગાણી (રહે. ખોડીયાર નગર, હીરાબાગ, સુરત; મૂળ રહે. ધાર, તા. સાવરકુંડલા, જી. અમરેલી) સાથે થઈ હતી. તેને તેમણે તેને ડિલીવરીબોય તરીકે રાખ્યો હતો. દરમિયન ગઈકાલે તેમના પર એક રિક્ષાચાલકનો ફોન આવ્યો હતો કે, તેણે કહ્યું હતું કે, તમારું એક બેગ મારી રિક્ષામાં રહી ગયું છે, જેમાં વિઝિટિંગ કાર્ડ છે.’ જેથી તેમણે ઓફિસના મેનેજર સુખદેવ આચાર્યને પૂછતાં માલૂમ પડ્યું હતું કે રોહિતને શહેરના અલગ-અલગ જ્વેલર્સને આપવાના સોના-હીરાના દાગીના ભરેલું બેગ આપીને ડિલીવરી માટે મોકલ્યો હતો. રિક્ષાચાલકે તપાસ કરતાં તે બેગમાંથી દાગીના ગાયબ હતા અને માત્ર વિઝિટિંગ કાર્ડ જ મળ્યા હતા. રિક્ષાચાલકના જણાવ્યા મુજબ મુસાફર કૈલાસધામ સોસાયટી, અશ્વિનીકુમારથી બેસી નાના વરાછા ઢાળ પાસે ઉતરી ગયો હતો. તપાસ દરમિયાન અશ્વિનીકુમાર ખાતેથી રોહિતની બાઈક બિનવારસી હાલતમાં મળી આવી હતી અને તેનો મોબાઈલ ફોન પણ બંધ આવતો હતો. રોહિતે જે જ્વેલર્સને દાગીના પહોંચાડવાના હતા ત્યાં પણ ડિલીવરી આપી ન હતી.

# ગરબા રમવા જતી વલથાણની વિદ્યાર્થિનીનું ક્રેન અડફેટે મોત

**કોસમાડી** પાટિયા પાસે અકસ્માતમાં એક બહેન ઈજાગ્રસ્ત



કામરેજઃ વલથાણ ગામની હદમાં મુંબઈ અમદાવાદ નેશનલ હાઈવે નંબર 48 પર કોસમાડી પાટિયાના કટ પર મોપેડસવાર બે બહેન ટ્રકને ટોચન કરીને જતી ક્રેનના ચાલકે અડફેટે લેતાં મોપેડ પાછળ બેસેલી બહેનનું મોત નીપજ્યું હતું.

મૂળ ઝારખંડના ગીરડીના મેન્ઢરો ગામના વતની અને હાલ પલસાણાના જોળવા ગામે આરાધના ગેલોરીયસમાં રૂમ નંબર 582માં રાજેશ લેખોપ્રસાદ યાદવ પરિવાર સાથે રહે છે. સુરત કપડા કટિંગ કરવાની નોકરી કરે છે. પુત્રી સુહાની (ઉં.વ.16)જે ધોરણ 11માં અભ્યાસ કરતી હતી. શનિવારના રોજ સુહાની, બહેન ચાંદની, મિત્ર દિવ્યા રાજપુરોહિત તેમજ દિવ્યાનો ભાઈ નાથુરામ ગરબા રમવા માટે મોરથાણા ગામે વાટીકા રીસોર્ટમાં જવા માટે ચાંદની અને સુહાની પોતાની સુઝુકી એકસેસ મોપેડ (નં. જીજે 19 બીએચ 8164) તેમજ મિત્ર દિવ્યા અને તેનો ભાઈ એક્ટિવા મોપેડ પર રાત્રિના નીકળ્યા હતા. ત્યારે રાત્રિના 10.30 કલાકે વલથાણ ગામે મુંબઈથી અમદાવાદ જતાં નેશનલ હાઈવે નંબર 48 પર કોસમાડી પાટીયાના કટ પર પીળા રંગની ક્રેન (નં. જીજે 03 એચઈ 1287)નો ચાલક ટ્રક ટોચન કરીને જઈ રહ્યો હતો ત્યારે મોપેડ સવાર બન્ને બહેનોને અડફેટમાં લેતાં રોડ પર પટકાયા હતા. મોપેડ પર પાછળ બેસેલી સુહાનીના પેટ પરથી ક્રેનનું ટાયર ફરી ગયું હતું. કામરેજ સામુહિક કેન્દ્રમાં લાવતાં ફરજ પરના તબીબે સુહાનીને મૃત જાહેર કરી હતી. જ્યારે ચાંદનીને પણ ઈજા થતાં વધુ સારવાર માટે ચલથાણની સંજીવની હોસ્પીટલમાં લઈ જવામાં આવી હતી. જ્યારે ક્રેન ચાલક નાસી છુટ્યો હતો.

# નવરાત્રિમાં ઝૂમવા માટે ખેલૈયા રોજ 25 હજારની બોટલ ચડાવે છે

**આ** પેકેજ ગરબા એનર્જી કોકટેલ તરીકે પોપ્યુલર થઇ રહ્યું છે

**આ** બોટલને કારણે સ્ટેમિના અને કેપેસિટી પણ વધે છે.





ડો. વિનોદ શાહ

સુરત : નવરાત્રિ માટે ખેલૈયા ડ્રેસ, ઓર્નામેન્ટ અને મેકઓવર પાછળ હજારો રૂપિયા ખર્ચતા હોવાની વાત સામાન્ય થઇ ચૂકી છે. પરંતુ હવે ખેલૈયાઓ થાક નહીં અનુભવાઇ તે માટે નવ દિવસ સુધી રોજ 25000 રૂપિયાની બોટલ ચડાવે છે. બોટલની કિંમત 12 હજારની આજુબાજુની હોય છે પરંતુ પેકેજમાં તેની કિંમત 25 હજાર સુધી પહોંચી જાય છે. આ માટે જુદા જુદા ડોક્ટરો અને ક્લિનિકોએ પેકેજ પણ રાખ્યા છે.

સતત 9 દિવસ રાત્રે ગરબા રમવા છતાં થાક ન અનુભવાય તે માટેના પેકેજને ગરબા એનર્જી કોકટેલ તરીકે ઓળખવામાં આવે છે. સુરતના ડો. વિનોદ શાહના જણાવ્યા અનુસાર જે IV ડ્રિપ આપવામાં આવે છે તેમાં ગ્લુટાથિઓન હોય છે. જેનાથી ત્વચાના ગ્લો બને છે અને એન્ટી-ઓક્સિડન્ટ ગુણો માટે તે ઉપયોગી છે. તેનાથી ઊર્જા અને રોગપ્રતિકારક શક્તિ વધે છે. આ બોટલ ચડાવવાથી શરીરમાં પાણીનું સ્તર અને હાઈડ્રેશન જળવાઇ રહે છે.

સુરતના કેટલાક વેલનેસ સેન્ટર્સ, કોસ્મેટોલોજિસ્ટ્સ અને ક્લિનિક્સ દ્વારા નવરાત્રિ દરમિયાન

....અનુસંધાન પાના ૯ પર

સરકાર જે પગલાં લેવાનો દાવો કરી રહી છે, તેનો અમલ થશે ખરો ?

# ખાડીપૂર : મીઠીખાડી 110 મીટર પહોળી કરાશે

**સિંચાઇ** મંત્રીની ખાડીની મુલાકાત બાદ જાહેરાતઃ પદાધિકારીઓ સાથે માત્ર એક જ ધારાસભ્ય હાજર રહ્યા



સુરતઃ ખાડીપૂરની સમસ્યાથી સુરત મનપા જ નહીં સરકાર પણ બેકફુટ પર આવી જતાં હવે ફટાફટ ખાડી પૂર નિવારણ માટે માસ્ટર પ્લાન બનાવી સંખ્યાબદ્ધ પગલાં લેવાની ઉપરાછાપરી જાહેરાતો થવા માડી છે. જેમાં આજે સુરત ખાડી વિસ્તારની મુલાકાત બાદ સિંચાઈ મંત્રી ઈશ્વર પટેલે મીઠી ખાડીને ડ્રેજિંગ ઉપરાંત 110 મીટર સુધી પહોળી કરવાની પણ જાહેરાતનો ઉમેરો થયો છે. જો કે જે રીતે ખાડી કિનારે દબાણો છે, તે જોતા આ નિર્ણયનો અમલ થશે કે તે મોટો સવાલ ઊઠી રહ્યો છે. વળી આજે મનપાના પદાધિકારીઓ ઉપરાંત માત્ર લિંબયાતના ધારાસભ્ય સંગીતા પાટીલ સિવાય તમામ ધારાસભ્યો ગેરહાજર રહેતા ચૂંટાયેલા પ્રતિનિધિઓને સુરતવાસીઓને ખાડીપૂરથી બચાવવામાં કોઈ રસ નથી તેવી ટીકાઓનો વરસાદ થયો હતો.

પરવટ પાટિયા, લિંબાયત, ગોડાદરા, સારોલી અને ડુંભાલ જેવા ગીચ વિસ્તારોમાં ઘરો અને દુકાનોમાં કમરસમા પાણી ભરાઈ જતાં હજારો પરિવારોની ઘરવખરી અને વેપારીઓનો લાખો-કરોડોનો માલસામાન કાદવમાં ફેરવાઈ ગયો હતો. દર વખતે ચોમાસું વીતી ગયા પછી વહીવટી તંત્ર જાગે છે અને હવે ફરી એકવાર ‘કાયમી નિવારણ’ના ભાગરૂપે મીઠી ખાડીના મોટા પાયે ડ્રેજિંગ અને પહોળી કરવાની વાતો આગળ ધરવામાં આવી રહી છે. ખાડી વિસ્તારની મુલાકાત બાદ જળસંપત્તિ અને પાણી પુરવઠા રાજ્યમંત્રી ઈશ્વરસિંહ પટેલે સર્કિટ હાઉસમાં આ અંગે વિગતો આપતાં જણાવ્યું કે, શહેરની પાંચ મુખ્ય ખાડીઓ પૈકી સૌથી વધુ તબાહી મચાવતી મીઠી ખાડીને 110 મીટર જેટલી પહોળી અને ઊંડી કરવાની કામગીરી હાથ પર લેવાઈ છે. ટેક્નિકલ ડેટા મુજબ, ખાડીઓમાં વર્ષોથી જામી

....અનુસંધાન પાના ૯ પર

### જો કે સુરતીઓમાં હજુ પણ અવિશ્વાસ

હાલ તંત્ર ચોમાસું શરૂ થાય તે પહેલાં સંપૂર્ણ ડી-સિલ્ટિંગ કરી માટી નિકાલ કરવાનો દાવો કરી રહ્યું છે, જેથી પાણીનો પ્રવાહ સીધો દરિયા કે નદી તરફ વહી જાય. પરંતુ ત્રણ-ત્રણ વખત પૂરની થપાટ ખાઈ ચૂકેલા સુરતીઓમાં હજુ પણ અવિશ્વાસ છે કે, આ વખતે 110 મીટર પહોળી કરવાની અને ભારે ડ્રેજિંગની કવાયત, જમીન પર સાચે પરિણામ આપશે કે પછી દર વખતની જેમ કરોડો રૂપિયા પાણીમાં જ વહી જશે?

### પતિ ગરબા જોવા ગયો ને પાછળ પહોંચેલી પત્નીએ કારમાં તોડફોડ કરી

સુરતઃ કાપોદ્રાની ધારૂકાવાલા કોલેજ કેમ્પસમાં નવરાત્રિ ગરબા જોવા ગયેલા યુવકની કારમાં તેની જ પત્નીએ તોડફોડ કરી હોવાનો અજીબો-ગરીબ કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. પતિ ગરબા જોવા જતાં ઉશ્કેરાયેલી પત્નીએ કારના સાઈડ મિરર તોડી નાંખ્યા હતા અને કાર પર લીટા કરી નુકસાન પહોંચાડ્યું હતું. આટલું જ નહીં, પત્નીએ પતિના મિત્રના ફોન પર કોલ કરીને ધમકી પણ આપી હતી.

મળતી વિગતો મુજબ, પાસોદરા ખાતે અંબા લગઝરીયામાં રહેતા અને નમકીનનો વેપાર કરતા દર્શીત લવજીભાઈ ચોથાણી (ઉં.વ.૨૫, મૂળ ખીરસરા, જિ. જૂનાગઢ) ગત તા. ૧૪/૧૦/૨૦૨૬ના રોજ રાત્રે પોતાના મિત્ર હેવીન સાથે

....અનુસંધાન પાના ૯ પર

હેલી ધૂમકેતુના અવશેષોથી સર્જાશે નજારો

# આકાશમાં ખરતા તારાઓનો નજારો માણવા તૈયાર રહેજો

**21-22** ઓક્ટોબરની મધરાતે મૃગશીર્ષ ઉલ્કાવર્ષા જોવા મળશે, અંધારી જગ્યાએથી દર કલાકે 10થી 20 ઉલ્કા દેખાવાની શક્યતા



સુરતઃ રાત્રિના આકાશમાં ખરતા તારાઓનો અદભૂત નજારો માણવા માટે ખગોળપ્રેમીઓ તૈયાર થઈ જાય. 21 અને 22 ઑક્ટોબરની મધરાત દરમિયાન મૃગશીર્ષ (ઓરિયોનિડ્સ) ઉલ્કાવર્ષાની ખગોળીય ઘટના જોવા મળશે. આ ઉલ્કાવર્ષા હેલી ધૂમકેતુ દ્વારા અવકાશમાં છોડવામાં આવેલા ધૂળકણોના કારણે સર્જાય છે. અંધારી જગ્યાએથી આકાશનું નિરીક્ષણ કરવામાં આવે તો કલાકે 10થી 20 જેટલી ઉલ્કાઓ જોવા મળવાની શક્યતા રહે છે.

ગુરુદેવ ઑબ્ઝર્વેટરીના દિવ્યદર્શન સમય માટે પ્રકાશની લાંબી લકીર પણ છોડી જાય છે, જે આકાશમાં અદભુત દૃશ્ય સર્જે છે. મૃગશીર્ષ ઉલ્કાવર્ષાનો સંબંધ જાણીતા હેલી ધૂમકેતુ સાથે છે. હેલી ધૂમકેતુ સૂર્યની આસપાસ પરિભ્રમણ દરમિયાન અવકાશમાં ધૂળ અને નાના કણો છોડે છે. પૃથ્વી દર વર્ષે ઑક્ટોબર મહિનામાં આ કણોના પ્રવાહમાંથી પસાર થાય છે ત્યારે તે પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશીને સળગી ઊઠે છે અને ખરતા તારાઓ જેવો પ્રકાશ પેદા કરે છે.

ઉલ્કાવર્ષાનો નજારો માણવા માટે શહેરની કૃત્રિમ રોશનીથી દૂર આવેલી

....અનુસંધાન પાના ૯ પર

# કરજણ નદી પર નબળો પુલ બનાવનાર કોન્ટ્રાક્ટર સામે ગુનો

**જવાબદાર** અધિકારીઓ સામે પણ શિસ્તભંગની કાર્યવાહીનો સીએમ ભૂપેન્દ્ર પટેલનો આદેશ

**૨૦૨૦માં** ૧૦.૭૧ કરોડના બ્રિજના એક પાયામાં ખામી બહાર આવી



ગાંધીનગર : ‘જે કહેવું તે કરવું’ના રાજકીય સંદેશને અમલમાં મૂકતાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જાહેર બાંધકામોની ગુણવત્તા અને સલામતીના મુદ્દે કડક વલણ અપનાવ્યું છે. નર્મદા જિલ્લાના રાજપીપળા-રામગઢ (નવાગામ) માર્ગ પર કરજણ નદી ઉપર બનેલા બ્રિજમાં ગંભીર ગુણવત્તાકીય ક્ષતિઓ સામે આવતાં બાંધકામ કરનાર કોન્ટ્રાક્ટર સામે ફોજદારી ફરિયાદ નોંધાવવાની કાર્યવાહી કરવામાં આવી છે. માર્ગ અને મકાન વિભાગે સુરતની મેસર્સ રોયલ ઈન્ફ્રા એન્જિનિયરિંગ પ્રા. લિ. સામે રાજપીપળા પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર નોંધાવી છે. સાથે જ બાંધકામની નબળી કામગીરી અને સંભવિત બેદરકારી માટે જવાબદાર અધિકારીઓ તથા કર્મચારીઓ સામે પણ કડક પગલાં લેવાના આદેશ આપવામાં આવ્યા છે.

રાજપીપળા અને રામગઢ આસપાસના વિસ્તારો માટે મહત્ત્વપૂર્ણ એવા આ બ્રિજનું કામ વર્ષ ૨૦૧૮-૧૯માં રૂ. ૧૦.૭૧ કરોડના ટેન્ડરથી કોન્ટ્રાક્ટરને સોંપવામાં આવ્યું હતું. બાંધકામની કામગીરી ૧૪ ઓગસ્ટ, ૨૦૨૦ના રોજ પૂર્ણ થઈ હતી. જોકે, વિભાગીય ચકાસણી દરમિયાન બ્રિજનો એક પાયો બેસી જવાની ખામી ધ્યાનમાં આવી હતી. ત્યારબાદ ક્વોલિટી કંટ્રોલ વિભાગ દ્વારા સમગ્ર બ્રિજનું પરીક્ષણ અને નિરીક્ષણ કરાતાં અન્ય ભાગોમાં પણ ક્ષતિઓ હોવાનું સામે આવ્યું હતું.

....અનુસંધાન પાના ૯ પર


૧૦૬ વર્ષની યશસ્વી જીવનયાત્રાને શત શત વંદન

જન્મ
૨૮-૦૯-૧૯૨૧



જીવનયાત્રાની પૂર્ણાહુતિ
૧૮-૧૦-૨૦૨૬, રવિવાર, સાંજે ૬:૦૨ કલાકે

સ્વ. માધુરીબા મણિલાલ દલાલ

૧૦૬ વર્ષના સુદીર્ઘ જીવન બાદ લીલા સંકેલી છે.
તેમની વિદાય માત્ર એક જીવનયાત્રાની પૂર્ણાહુતિ નથી, પરંતુ એક સમૃદ્ધ જીવનનો વારસો છે.
**અંતિમ વિદાયયાત્રાઃ સોમવાર, તા. ૧૯-૧૦-૨૦૨૬, સવારે ૭:૩૦ કલાકે**
નિવાસસ્થાનઃ ૧૧-૧૨, સાઈ આશિષ સોસાયટી, વિભાગ-૨, તાડવાડી, રાંદેર રોડ, સુરતથી નીકળી અશ્વિનીકુમાર સ્મશાનભૂમિ ખાતે પહોંચશે.
**સ્મૃતિ વંદના : સોમવાર, તા. ૧૯-૧૦-૨૦૨૬, સમયઃ સાંજે ૫:૦૦ થી ૭:૦૦ કલાકે**
**સ્થળઃ BAPS, પાંજરાપોળ, ઘોડદોડ રોડ, સુરત.**
શોક નહીં, કૃતજ્ઞતાના ભાવ સાથે તેમના જીવનને વંદન કરીએ.

સ્નેહાંજલિ સહ

સ્વ. મણિલાલ નાથુભાઈ દલાલ

પુત્ર અને પુત્રવધૂ | પુત્રી તથા જમાઈ
સુનીલ - પ્રજ્ઞા (મીનુ) | મંજરીબેન - સ્વ. સુરેન્દ્રભાઈ મારફતિયા
ઉન્મેશ - આશા | વૈશાલીબેન - તુષારભાઈ મારફતિયા

લીલી વાડી : વિશાલ- ચાંદની, વરુણ -ઋજુતા, વર્ષીતા - ચિરાગ, પાર્થ - પૂજા તથા સમગ્ર દલાલ વંશાવલી